જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૨/૨૦૨૨ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૨૩૫૧/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧ | ૩,૭૪,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૫૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧૩ કેસ કરી, ૧૧૧ વ્યક્તિઓને ઝડપી, ૨૨૫ લીટર દેશી દારૂ, ૩૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ, ૧ છોટા હાથી ગાડી અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી, ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૪૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૫૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૩૫૪/૨૦૨૨**

**અમરાઇવાડીઃ** અજય રામુભાઇ વણઝારા (રહે. શિવાનંદનગર સત્યમનગર શાક માર્કેટની બાજુમાં અમરાઇવાડી) એ તા.૨૯/૧૨/૨૦૨૨ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૨૭/૧૨/૨૦૨૨ બપોરના ૩/૦૦ થી ૪/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૭,૦૦૦/- મતા ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એસ.ગૌસ્વામી ચલાવે છે.

**ખોટી ઓળખ આપી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૫૫/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ** વિરેન્દ્ર નરેન્દ્ર સિંઘ (ઉ.વ.૫૫) (રહે. ઉમીયાપાર્ક સોસાયટી અખબારનગર પેટ્રોલ પંપ સામે વાડજ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૨/૨૦૨૨ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર માનસી સર્કલ સેટેલાઇટ સેન્ટર સ્વામિનારયણ મંદિરના પાછળના ગેટ પાસે પોતાની ઇનોવા ક્રિસ્ટા કાર નંબર જીજે ૦૧ ડબલ્યુએ ૭૯૬૨ કિમત રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- માં બેઠા હતા ત્યારે ચાર અજાણ્યા ઇસમો ગાડી નજીક આવ્યા હતા તે પૈકી એક પુરૂષે ઇકોનોમીક સ્કોડ ક્રાઇમમાંથી આવેલ હોવાની ઓળખ આપી પોતાનુ નામ ભરત દેસાઇ જણાવી ગાડી ચેક કરવાનું કહી વિરેનદ્ર સિંઘને ગાડીથી દુર લઈ જઈ વાતોમાં વ્યસ્ત રાખ્યા હતા દરમ્યાન અન્ય મળતીયા બે પુરૂષ ઇનોવા કાર ચોરી કરી લઈ નાસી ગયા હતા. ત્યારબાદ ભરત દેસાઈ નામની વ્યક્તિ અન્ય એક પુરૂષના મોટર સાયકલ ઉપર બેસી નાસી ગયા હતા. કારમાં મોબાઇલ ફોન, ગોગલ્સ અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી ૧,૮૫,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૫૬/૨૦૨૨**

**કાગડાપીઠઃ** યશ પવનકુમાર અગ્રવાલ (ઉ.વ.૨૪) (રહે.બાવણે ગલી, ગામ-ઇચલકરંજી, તા.હાતકણંગલે, જી.કોલ્હાપુર મહારાષ્ટ્ર) એ તા.૨૯/૧૨/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૨/૨૦૨૨ સવારના ૧૧/30 થી બપોરના ૨/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ હોટલ કોર્ટયાર્ડ મેરીઓટથી કાગડાપીઠ સફલ-૨ માર્કેટ ક્રોમા સેન્ટર શો રૂમ રેક ખાતે આવ્યા હતા દરમ્યાન કારની ડેકીમાંથી સામાન કાઢી બેગ ચેક કરતા બેગમાંથી સોનાની બંગડી એક જોડી કિમત રૂપિયા ૯,00,000/-, સોનાની કાનની બૂટ્ટી એક જોડી કિમત રૂપિયા ૫0,000/-, સોનાનું પેન્ડેન્ટ કિમત રૂપિયા ૨૫,000/- અને સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,00,000/- જણાઇ આવેલ નહી જેની અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.બી.બામ્ભા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૩૫૭/૨૦૨૨**

**"એમ" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** મનીષભાઈ શાંતિલાલ શાહ (ઉ.વ.૬૭) (રહે.હાથીશાની પોળ આડીવાળીની પોળની બાજુમાં વૈધ ખાંચા સામે દરીયાપુર) તા.૨૯/૧૨/૨૦૨૨ સવારના ૮/00 વાગ્યાના સુમારે રિવરફ્રંટ વેસ્ટ રોડ વાડજ સ્મશાન કટ થી ચંદ્રનગર આવતા તિબેટીયન સ્વેટર બજાર સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ નંબર આરજે ૧૬ એસપી ૫૨૭0 ના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા મનિષભાઈ શાહને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર મનિષભાઈ શાહના ભત્રીજા હિમાંશુ શાહે "એમ" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

**ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૩૫૮/૨૦૨૨**

**સરખેજઃ** પ્રતિક સ/ઓ પ્રવિણભાઇ ઠક્કર (ઉ.વ.૩૫) (રહે.દાણી ફળી, ભાણીબાના ગોખ પાસે, બોરડી બજાર, વિરમગામ તા-વિરમગામ જી-અમદાવાદ) તા.૨૯/૧૨/૨૦૨૨ કલાક ૧0/30 વાગ્યા પહેલા વાસણા બેરેજ નજીક આવેલ સ્મશાન ગૃહ પાસે પાણીની કેનાલમાં ફુલ પધરાવવા જતા કેનાલમાં પડી જતા ડુબી જતા તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.સી.ઝાલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૫૯/૨૦૨૨**

**અમરાઇવાડીઃ** પ્રેરણા ડો/ઓ મનોજભાઇ પંચાલ (ઉ.વ.૨0) (રહે. શિવાનંદનગર બાપા સિતારામની મઢુલી સામે અમરાઇવાડી) એ બિમારીથી કંટાળી તા.૨૯/૧૨/૨૦૨૨ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એસ.મીયાત્રા ચલાવે છે.

**ખોખરાઃ** અલ્પેશ રમેશભાઇ પરમાર (ઉ.વ.૩૫) (રહે. મનહર કોલોની ધીરજ હાઉસીંગ પાછળ હરીપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૨/૨૦૨૨ બપોરના ૨/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઇ જતાં ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.વિડજા ચલાવે છે.

**રામોલઃ** મેહુલ હરેશભાઇ લેઉવા (ઉ.વ.૨૭) (રહે. સત્યમ આવાસ યોજના તનમન ચાર રસ્તા પાસે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૨/૨૦૨૨ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઇ જતાં ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અમૃતભાઈ મોહનભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી